BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY UNIVERSITY 1 GRADED AUTONOMY UGC

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક
સાંધ્ય દૈનિક

આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સંસ્કૃત કક્ષનું ઉદઘાટન

સંસ્કૃત ભાષાના પ્રચાર–પ્રસાર સાથે ભારતીય જ્ઞાનપરંપરાને ઉજાગર કરવાનો સંકલ્પ

અબતક, રાજકોટ

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને શિક્ષણ વિભાગ, ગાંધીનગરના સહયોગથી તા. ૧ સપ્ટેમ્બરે સંસ્કૃત કક્ષનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અને માનવવિદ્યા તથા સમાજશાસ્ત્ર વિભાગના નિયામક પ્રો. યોગેન્દ્ર દિશાનિર્દેશ હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મહાવિદ્યાલયના આચાર્ય શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



ઉદઘાટન પ્રસંગે કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે જણાવ્યું હતું કે સંસ્કૃત માત્ર ભાષા નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, જ્ઞાન અને પરંપરાનો આધાર છે. ભાષાની જાળવણી સાથે સંસ્કૃતિનું જતન થાય છે. તેમણે યુનિવર્સિટીમાં નવા સંસ્કૃત સંભાષણ વર્ગ શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેમજ કર્મચારીઓ અને આસપાસના નાગરિકો માટે ૨૦ દિવસનો નિઃશુલ્ક સંસ્કૃત અભ્યાસક્રમ શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યું કે યુનિવર્સિટીમાં છેલ્લા ચાર વર્ષથી સંસ્કૃત ભાષા પ્રયોગશાળા કાર્યરત છે. સંસ્કૃત, ભારતીય જ્ઞાનપરંપરા અને હિન્દુ રૂઢીઓના અનુસ્નાતક અભ્યાસક્રમો પણ ચાલી રહ્યા છે. સંસ્કૃતના દૈનિક ઉપયોગને વધારવા માટે પ્રાધ્યાપકોને રોજિંદા જીવનમાં સંસ્કૃતના શબ્દોનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

મુખ્ય અતિથિ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલે સંસ્કૃત ભાષામાં વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સંસ્કૃત ભવનનું સાચું નિર્માણ માત્ર ઈંટોથી નહીં, પરંતુ ભાષાના સક્રિય સંભાષણ અને વિચારો દ્વારા થાય છે. સંસ્કૃતને આધુનિક વિજ્ઞાન સહિતના વિષયો સાથે જોડીને સંસ્કૃતમય વાતાવરણ ઊભું કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

અતિથિ વિશેષ ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ શુક્લ યજુર્વેદના ૩૪મા અધ્યાયના 'શિવ સંકલ્પ સૂક્ત'ના પ્રથમ છ મંત્રોના આધારે મનની ગતિ અને મનને શુભ સંકલ્પોથી ભરેલું રાખવાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે અગાઉ યોજાયેલી આઈકોમ્સ આંતરરાષ્ટ્રીય પરિષદમાં નિર્ણાયકો દ્વારા પસંદ કરાયેલા છ શ્રેષ્ઠ સંશોધનપત્રના સંશોધકોને પ્રોત્સાહન રાશિ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નવનિર્મિત સંસ્કૃત કક્ષમાં વેદ, પુરાણ, રામાયણ, મહાભારત, ઈતિહાસ, વ્યાકરણ અને ન્યાય સહિતના ગ્રંથો મૂકવામાં આવ્યા છે. સાથે સંસ્કૃત ક્રીડા તથા 'સાયન્સ ઈન સંસ્કૃત' પ્રદર્શન પણ યોજાયું હતું. કાર્યક્રમના અંતે સંસ્કૃત વિષયના પ્રાધ્યાપક ડો. મુકેશ ઈઠારિયાએ આભારવિધિ કરી હતી, જ્યારે ભારતીય જ્ઞાનપરંપરાના પ્રાધ્યાપક શ્રી શ્યામ પટેલે સંચાલન કર્યું હતું.

Rajkot Edition
08 Sep, 2026 Page No.11